મુંબઈ સમાચાર

મુંબઈ, મંગળવાર, તા. ૮-૪-૨૦૦૮



# એમઓજીએસના પ્રમુખ તરીકે ડૉ. હૃષીકેશ પૈની નિમણૂક

■ મેટ્રો ટીમ



**મુંબઈ** ઓબ્સ્ટેટ્રિક્સ એન્ડ ગાયનેકોલોજિકલ સોસાયટી (એમઓજીએસ)ના નવા પ્રમુખ તરીકે આસિસ્ટેડ રિપ્રોડક્ટિવ ટેકનોલોજી સ્પેશિયાલિસ્ટ ડૉ. હૃષીકેશ પૈની નિમણૂક કરવામાં આવી છે. ડૉ. હૃષીકેશે નિ:સંતાન દંપતીને નિ:શુલ્ક માર્ગદર્શન આપતી હેલ્પલાઈન સેવા પણ શરૂ કરી છે. મુંબઈ ઓબ્સ્ટેટ્રિક્સ એન્ડ ગાયનેકોલોજિકલ સોસાયટી મુંબઈ અને ભારતની સૌથી મોટી ગાયનેકોલોજિકલ સોસાયટી છે. ૨૨૦૦થી વધારે સભ્ય ધરાવનાર સોસાયટીની સ્થાપના ૧૯૩૭માં કરવામાં આવી હતી. ૨૦૦૨માં રાજીવ ગાંધી રાષ્ટ્રીય એકતા એવોર્ડથી નવાજેશ પામેલા ડૉ. હૃષીકેશ પૈ સંસ્થાના છઠ્ઠા પ્રમુખ હોવા ઉપરાંત સૌથી યુવાવયે બનેલા પ્રમુખ છે.

ટૂંક સમય અગાઉ કરવામાં આવેલા સર્વેક્ષણમાં ઈન્ફર્ટિલિટી સંબંધી સારવાર કરાવીને ઘરનું આંગણ બાળકોથી કિલ્લોલયુક્ત કરવામાં લીલાવતી હોસ્પિટલ સૌપ્રથમ ક્રમાંકે આવી હતી. લીલાવતી હોસ્પિટલમાં ઈન્ફર્ટિલિટી તજજ્ઞની ફરજ બજાવનાર ડૉ. હૃષીકેશ પૈ આ ઉપરાંત ઈન્ડિયન એસોસિયેશન ઓફ ગાયનેકોલોજિકલ એન્ડોસ્કોપિસ્ટ'સના સૌથી યુવાન વયના પ્રેસિડન્ટ તરીકે નિમણૂક પામેલા છે.